# વિસ્તરણ

ઑક્ટોબર ૨૦૧૩

વિસ્તરણ કાર્યક્રમ વિભાગ, શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, ગોકલનગર, કરમસદ - ૩૮૮ ૩૨૫



શ્રી કૃષ્ણ હૉસ્પિટલ

# વિસ્તરણ

ઑક્ટોબર ૨૦૧૩ • સળંગ અંક : ૬-૭

**મુખ્ય કાર્યાલયઃ**
વિસ્તરણ કાર્યક્રમ વિભાગ
શ્રી કૃષ્ણ હૉસ્પિટલ
ગોકલનગર, કરમસદ - ૩૮૮ ૩૨૫
ફોનઃ ૦૨૬૯૨ - ૨૨૮૩૬૭, ૨૨૮૩૬૨

**વિસ્તરણ કાર્યક્રમ ટીમ**
ડૉ. શ્યામસુંદર જે. રાયઠઠા – *ઈન્ચાર્જ*
ડૉ. જયપ્રકાશ મહેતા – *એક્ઝીક્યુટીવ*
શ્રી રવિ રાજ – *એક્ઝીક્યુટીવ*
કુ. શાંતિ ગુપ્તા – *એક્ઝીક્યુટીવ*
શ્રી આઈ.એફ. મનસુરી – *સોશ્યલ વર્કર*
શ્રીમતિ પ્રિયંકા પટેલ – *સોશ્યલ વર્કર*
શ્રી હિમાલય પટેલ – *ફાર્મસીસ્ટ*
*શ્રી કુશાલ મહેતા – ટેલીમેડિસિન*
કુ. રીના પટેલ – *કો-ઑર્ડિનેટર*
*શ્રીમતિ જ્યોત્સના પટેલ – ફિલ્ડ સુપરવાઈઝર*
*શ્રીમતિ મીનાક્ષી પટેલ – ફિલ્ડ સુપરવાઈઝર*
*શ્રીમતિ ચેતના દવે – ફિલ્ડ સુપરવાઈઝર*

**પ્રકાશકઃ**
શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદ

**માહિતી સંપાદનઃ**
કૉર્પોરેટ કૉમ્યુનિકેશન વિભાગ
શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદ

**વિસ્તરણ કેન્દ્રોઃ**

**અગાસ સ્ટેશન (બોરીયા) ગ્રામ આરોગ્ય મંડળ, બોરીયા**
જી. આણંદ
ફોનઃ (૦૨૬૯૨) ૨૮૧૮૬૭

**ભાદરણ આરોગ્ય ટ્રસ્ટ હૉસ્પિટલ**
શંભુપ્રસાદ બોર્ડિંગ હાઉસ, બસસ્ટેન્ડ સામે, ભાદરણ
ફોનઃ (૦૨૬૯૬) ૨૮૮૧૮૮

**પેટલાદ નગરપાલિકા હૉસ્પિટલ**
વસંત કુઈ, હનુમાન ફળિયું, પેટલાદ
ફોનઃ (૦૨૬૯૭) ૨૨૨૪૭૫

**સોનાબા હૉસ્પિટલ તથા સદાબા પ્રસુતિ ગૃહ**
એ.સી.સી. ગેટ પાસે, મુ. સેવાલીયા, તા. ઠાસરા
ફોનઃ (૦૨૬૯૯) ૨૩૪૨૯૨, ૨૩૩૨૯૨

**આણંદ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી, આણંદ**
ફોનઃ (૦૨૬૯૨) ૨૨૫૮૭૬

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાન નં |
|---|---|---|
| ૧ | વિભાગીય પ્રવૃત્તિઓ | ૩ |
| ૨ | કેન્સર | ૬ |
| ૪ | આરોગ્ય સંજીવની | ૮ |
| ૫ | વિસ્તરણ કેન્દ્રો ખાતે સારવાર લીધેલ દર્દીઓની વિગત | ૯ |
| ૬ | હૉસ્પિટલની સફળ કેસ સ્ટડી | ૧૦ |


શ્રી કૃષ્ણ હૉસ્પિટલ

**સંપાદકીય...**

વ્હાલા વાચક મિત્રો,

આપ સહુને દિવાળી અને નવ વર્ષની હાર્દિક શુભેચ્છાઓ!

મને જણાવતાં ખૂબ જ આનંદ થાય છે કે જેની કેટલાક સમયથી રાહ જોવાઈ રહી હતી તેવા સેવાલીયા વિસ્તરણ કેન્દ્ર સોનાબા હૉસ્પિટલ અને સદાબા પ્રસુતિ ગૃહના નવીનીકરણનું કામ પૂર્ણ થયું. આ નવી તૈયાર થયેલી સુવિધાનું ઉદ્‌ઘાટન તા. ૧૨ જુલાઈ, ૨૦૧૩ના રોજ ગુજરાત રાજ્યના માનનીય આરોગ્ય મંત્રીશ્રી નીતીનભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું. ૫૦ પથારીવાળી આ હૉસ્પિટલને એક આદર્શ સૅકન્ડરી કેર હૉસ્પિટલ બનાવવા માટેના અમારા અભિગમનું આ પહેલું મહત્ત્વનું પગલું કહી શકાય. આ શુભ અવસરે સર્વરોગ નિદાન કૅમ્પનું આયોજન કરીને નિઃશુલ્ક નિદાન અને રાહત દરે સારવારની સેવાઓ પૂરી પાડવામાં આવી જેમાં કુલ ૩૯૬ દર્દીઓએ લાભ લીધો.

વિસ્તરણ કાર્યક્રમ વિભાગ દ્વારા દત્તક લીધેલા ૨૬ ગામોની આશરે ૯૦ હજાર વસ્તી માટે એક સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. આ સર્વેનો હેતુ આ ગામોના રહેવાસીઓમાં બી.પી., ડાયાબિટીસ, કૅન્સર, હૃદયરોગ અને માનસિક બીમારીઓના પ્રમાણની માહિતી એકત્ર કરવાનો હતો. આપણા દેશનો જેમ જેમ વિકાસ થઈ રહ્યો છે તેમ તેમ આ બીમારીઓનું પ્રમાણ પણ વધી રહ્યું છે. આ બીમારીના નિવારણ માટે આપણે ચોક્કસ પગલા લેવા જરૂરી બન્યા છે. આ સર્વેક્ષણ દ્વારા પ્રાપ્ત થયેલ આંકડાકીય માહિતી અમને આ ગામડાઓમાં ઉપરોક્ત દર્શાવેલ રોગોનું નિરાકરણ લાવવા માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં ચોક્કસ મદદરૂપ થશે.

વધુમાં, આ અંકમાં કેન્સર રોગ વિષે જાણવા જેવી કેટલીક સામાન્ય માહિતીના અંશો રજૂ કરવામાં આવ્યા છે.

**ડૉ. શ્યામસુંદર જે. રાયઠઠ્ઠા,**
વિસ્તરણ કાર્યક્રમ વિભાગ, શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, ચારુતર આરોગ્ય મંડળ,
કરમસદ, ફોન. ૦૨૬૯૨ - ૨૨૮૩૬૭

## વિભાગીય પ્રવૃત્તિઓ :

### ★ જનસમુદાયને ઘરઆંગણે આધુનિક તબીબી સેવા પ્રદાન કરવાના હેતુથી સેવાલીયા ખાતે સેકન્ડરી કેર સેન્ટરની સ્થાપના

ચારુતર આરોગ્ય મંડળ સંચાલિત કરમસદની શ્રી કૃષ્ણ હૉસ્પિટલ ૫૫૦ પથારીની ક્ષમતા ધરાવતું એકમ છે જે તેની અદ્યતન અને ગુણવત્તાસભર તબીબી સુવિધાઓ તદ્દન વાજબી દરોએ જનસમુદાયને પૂરી પાડે છે. જો કે દરેક બીમારી કે શારિરીક તકલીફ માટે સૌથી ઉપલા સ્તરની તબીબી સારવાર જરૂરી હોતી નથી. તે માટે ગ્રામ્ય સ્તરે કામ કરતા તાલીમસ્થ સ્વાસ્થ્ય કાર્યકરો અથવા હેલ્થ સેન્ટરોમાં નિમાયેલા મેડિકલ ઑફિસરો પણ યોગ્ય સારવાર આપી શકે છે. મંડળના સ્થાપક અધ્યક્ષશ્રીની દૂરદ્દષ્ટિને જોતાં એકવાત નક્કી છે કે મંડળની વિવિધ સંસ્થાઓ દ્વારા અપાતી તબીબી સુવિધાઓ હૉસ્પિટલ પૂરતી સિમિત ન રહેતા તેનો વ્યાપ જનસમુદાય સુધી પહોંચવો જોઈએ અને આ બે મુદ્દાને ધ્યાનમાં રાખીને મંડળે તેની આરોગ્ય સુવિધાઓનું વિસ્તરણ જનસમુદાયમાં મોટાપાયે કર્યુ. જનસમુદાયમાં મંડળ દ્વારા સ્થાપિત વિવિધ સ્તરના હેલ્થ સેન્ટરો - પ્રાથમિક, સૅકન્ડરી અને ટર્શીયરી એક બીજા સાથે જોડાઈને એ રીતે કાર્યરત હોય કે જેની રેફરલ પદ્ધતિથી છેવાડાના માનવીની તબીબી જરૂરત પણ સરળતાથી પૂરી થાય એવો મંડળનો ઉદ્દેશ્ય છે. એટલે કે જે દર્દીની સારવાર પ્રાથમિક સ્તરે શક્ય ન હોય તે દર્દીને સૅકન્ડરી હેલ્થ સેન્ટર પર લવાય અને તેમાંથી વધુ સઘન સારવારની જરૂર પડે તો તેની સારવાર ટર્શીયરી કૅર સેન્ટર પર તો મળી જ રહે. હાલમાં મંડળ દ્વારા ૨૬ ગામોમાં સ્વાસ્થ્ય કાર્યક્રમો ચલાવવામાં આવે છે અને સાથે ચરોતર પંથકમાં આઠ વિભિન્ન સ્થળોએ આરોગ્ય કેન્દ્રો પણ ઊભા કરવામાં આવ્યા છે.



આ સેન્ટરોમાંથી સૌથી દૂરનું કેન્દ્ર કરમસદથી ૭૦ કિ.મી.ના અંતરે ખેડા જીલ્લાના ઠાસરા તાલુકાના સેવાલીયા ખાતે આવ્યું છે. સામાજીક અને આર્થિક રીતે પછાત એક આ ગામ ખેડા અને પંચમહાલ જીલ્લાની સરહદ પર આવેલું છે જ્યાં સારી આરોગ્ય સુવિધાઓની દેખીતી રીતે જ અછત છે. શ્રી કૃષ્ણ હૉસ્પિટલ દ્વારા સંચાલિત આ સેવાલીયા એક્સટેન્શન સેન્ટર જે સ્થાનિક સ્તરે સોનાબા હૉસ્પિટલ અને સદાબા પ્રસુતિગૃહ નામે ઓળખાય છે, તે મંડળને ઑક્ટોબર ૨૦૧૦માં સમર્થ સંચાલન થાય તે હેતુથી સોંપવામાં આવ્યું હતું. ત્યારથી મંડળે સેવાલીયા સેન્ટરના પૂરા સામર્થ્યને જનસમુદાયના હિતાર્થે ઉપયોગમાં લઈ શકાય અને તે એક સૅકન્ડરી કૅર સેન્ટર તરીકેનો આદર્શ દ્દષ્ટાંત પૂરો પાડી શકે તે માટેના તમામ પ્રયત્નો હાથ ધર્યા છે. તેમ છતા હૉસ્પિટલના બાંધકામમાં મોટાપાયે નવીનીકરણ સાથે ઘણાબધા તબીબી ઉપકરણોની જરૂરત હૉસ્પિટલના કુશળ કામકાજ માટે પૂરી પાડવી અનિવાર્ય હતી. આ કાર્ય પૂરુ કરવા માટે દુબઈ સ્થિત શ્રી રાજન કિલાચંદે મંડળને મદદ માટેની પહેલ કરી અને સેવાલીયા સેન્ટરના નવીનીકરણ અને આધુનિકરણ માટે આર્થિક યોગદાન આપ્યું. આ નવનિર્મિત સુવિધાનું ઉદ્ઘાટન ૧૨મી જુલાઈના રોજ રાજ્યના માનનીય આરોગ્ય મંત્રીશ્રી નિતિનભાઈ પટેલના વરદહસ્તે કરવામાં આવ્યું.

આ નવનિર્મિત સુવિધા ૩૬ પથારીની ક્ષમતા ધરાવે છે જેને વધારીને ૫૦ સુધી કરી શકાશે. આ સાથે હૉસ્પિટલમાં નિદાન તથા સારવાર માટેના આધુનિક ઉપકરણો અને સુવિધાઓ જેમ કે, ડિજિટલ ઍક્સ-રે, સોનોગ્રાફી, મોર્ડન લૅબોરેટરી, ટ્રોમા સેન્ટર, આઈ.સી.યુ., નવજાત શિશુ સંભાળ, આધુનિક ઑપરેશન થિયેટર - જેમાં દૂરબીનથી શસ્ત્રક્રિયાની વ્યવસ્થા પણ છે પ્રસુતિ ગૃહ, દાંતરોગ અને કસરતનો વિભાગ ઉપલબ્ધ છે. આ સાથે હૉસ્પિટલમાં એક બ્લડ સ્ટોરેજ યુનિટનું પણ આયોજન છે જેનાથી પ્રસુતિ માટે આવતા દર્દીઓને કટોકટીના સમયે લોહી પૂરું પાડી શકાશે. આ સુવિધા હૉસ્પિટલ જે વિસ્તારમાં છે તેને ધ્યાનમાં રાખીને ખૂબ મહત્ત્વની છે કારણકે એનેમિયા (પાંડુરોગ)થી પીડીત અહીંની મહિલાઓમાં લોહીનું પ્રમાણ જરૂર કરતા ઘણું જ ઓછું જોવા મળે છે. હૉસ્પિટલમાં ફુલ ટાઈમ સ્ત્રી રોગ નિષ્ણાત, મેડિકલ ઑફિસર, ડેન્ટીસ્ટ, ફિઝિયોથેરાપીસ્ટ, ૪ સહાયક મેડિકલ ઑફિસર સાથે અનેક પેરામેડિકલ સ્ટાફની સેવાઓ ઉપલબ્ધ છે. આ સિવાય ફિઝિશિયન, હાડકાની તકલીફો, ચામડીના રોગ, આંખના રોગોના નિષ્ણાત સાથે જનરલ સર્જન પણ નિયમિતરૂપે સેન્ટરમાં પોતાની સેવાઓ આપતા રહેશે. વળી અહીં વસતા બી.પી.એલ. જનસમુદાયને રાહતદરે તબીબી સારવાર મળે તે માટે કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સુરક્ષા વીમા યોજનાનો લાભ પણ આ હૉસ્પિટલમાં ઉપલબ્ધ છે. આ યોજના અંતર્ગત કોઈ પણ બી.પી.

એલ. કુટુંબના સભ્યને વાર્ષિક રૂા. ૩૦,૦૦૦/- સુધીની દાખલ દર્દી તરીકેની સારવાર નિઃશુલ્ક આપવમાં આવશે. આ સાથે મંડળે પોતાની આગવી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના 'કૃપા' પણ આ સેન્ટરમાં શરૂ કરી છે જેમાં ફક્ત રૂા. ૯૯/- આપી સભ્યપદ મેળવીને રૂા. ૫,૦૦૦/- સુધીની દાખલ દર્દી તરીકેની સારવાર મેળવી શકાશે. આ સિવાય હૉસ્પિટલમાં ઉપલબ્ધ અન્ય તબીબી સેવાઓ પણ સુલભ દરોએ મળશે. હૉસ્પિટલમાં મેડિકલ ઑફિસરની તબીબી સલાહ ફક્ત રૂા. ૧૦/-માં તથા અન્ય નિષ્ણાતોની સલાહ રૂા. ૨૦/-માં મળશે. અહીં નોર્મલ ડિલીવરીના ચાર્જીસ ૧,૫૦૦/- સુધી અને સીઝેરીયન ડિલીવરીનો ખર્ચ રૂા. ૯,૦૦૦ થી ૧૦,૦૦ સુધી રાખવામાં આવ્યો છે. આ સાથે કુશળ અને શ્રેષ્ઠ તબીબી સારવાર દરેક દર્દીને સમયસર મળી રહે તે હેતુથી આ હૉસ્પિટલ કરમસદની શ્રી કૃષ્ણ હૉસ્પિટલ સાથે એક ટેલીમેડિસીન કેન્દ્રથી સતત જોડાયેલી રહેશે જેમાં વિડિયો કોન્ફરન્સીંગની સુવિધા પણ ઉપલબ્ધ રહેશે.

આ પછીના તબક્કામાં સેવાલીયાના આસપાસના વિસ્તારોમાં ગ્રામીણ કક્ષાના આરોગ્ય કાર્યક્રમની વિચારણા છે. જેના ભાગરૂપે આજુબાજુના ગામડાઓમાંથી સ્વાસ્થ્ય કાર્યકર બહેનોને તૈયાર કરવામાં આવશે. આ હેલ્થ વર્કરોને સામાન્ય બીમારીઓની સારવાર માટે અને ગ્રામીણસ્તરે આરોગ્યનું શિક્ષણ આપવા માટે યોગ્ય તાલીમ આપી કૌશલ્યનો વિકાસ કરવામાં આવશે. આ બહેનોને અપાતી તાલીમથી તેઓમાં પણ સમજ કેળવાશે કે, જે દર્દીની તકલીફ તેમનાથી દૂર ના થઈ શકે તેને ઓળખીને તેમને આગવી સારવાર માટે સેવાલીયા સમયસર મોકલે. આ કાર્યક્રમની શરૂઆત દસ ગામડાઓમાંથી શરૂ કરીને ભવિષ્યમાં વધુ જગ્યાઓએ વિસ્તારવામાં આવશે.

### ★ શ્રી કૃષ્ણ હોસ્પિટલ, કરમસદ સંચાલિત સોનાબા હૉસ્પિટલ અને સદાબા પ્રસુતિ ગૃહ દ્વારા સેવાલીયા ખાતે સર્વરોગ નિદાન અને સારવાર કૅમ્પ યોજાયો

શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદ સંચાલિત સોનાબા હૉસ્પિટલ અને સદાબા પ્રસુતિ ગૃહ દ્વારા ૧૩ અને ૧૪ જુલાઈ ૨૦૧૩ના રોજ સર્વરોગ નિદાન અને સારવાર કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કૅમ્પનું આયોજન ડૉ. જયંતિભાઈ ગોપાલભાઈ પટેલ, શ્રી શાંતિભાઈ ગોપાલભાઈ પટેલ અને બેલાબેન વસંતભાઈ પટેલ પરિવારના સૌજન્યથી કરવામાં આવ્યું હતું.

કૅમ્પ દરમિયાન શ્રી કૃષ્ણ હૉસ્પિટલના ફિઝિશ્યન સર્જન, સ્ત્રી રોગો, દાંત રોગ, ફિઝીયોથેરાપી, હાંડકાંની તકલીફો, નાક-કાન ગળાની તકલીફો અને ચામડીની તકલીફો ના તબીબી નિષ્ણાતો એ હાજરી આપીને સેવાઓ પૂરી પાડી હતી. કૅમ્પ દરમિયાન વિના મૂલ્યે નિદાનની સેવાઓ અને પરિક્ષણોમાં ૨૦% રાહત આપવામાં આવી હતી. આ કૅમ્પમાં કુલ ૩૯૬ દર્દીઓએ લાભ લીધો હતો.

શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદ તથા સોનાબા હૉસ્પિટલ અને સદાબા પ્રસુતિ ગૃહ, સેવાલીયા આ કૅમ્પને સફળ બનાવવા માટે મહત્ત્વનું યોગદાન આપવા બદલ ડૉ. જયંતિભાઈ ગોપાલભાઈ પટેલ, શ્રી શાંતિભાઈ ગોપાલભાઈ પટેલ અને બેલાબેન વસંતભાઈ પટેલ પરિવારનો આભાર માને છે.

### ★ રોટરી ક્લબ, પેટલાદના સહયોગથી ફિઝીયોથેરાપી કૅમ્પ યોજાયો

રૉટરી ક્લબ, પેટલાદ દ્વારા સૂર્ય મંદિર, બોરસદ ખાતે ફિઝીયોથેરાપી કૅમ્પનું આયોજન તા. ૨૧ અને ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ કરવામાં આવ્યું હતું. આ કૅમ્પમાં કુલ ૨૨૦ દર્દીઓએ લાભ લીધો હતો.

કૅમ્પ દરમ્યાન શ્રી કૃષ્ણ હૉસ્પિટલના ફિઝીયોથેરાપી વિભાગમાંથી નિષ્ણાત અને અનુભવી ડૉક્ટરોએ પેટલાદ વિસ્તરણ કેન્દ્ર તથા ભાદરણ હૉસ્પિટલ વિસ્તરણ કેન્દ્ર દ્વારા સેવા પ્રદાન કરવામાં આવી હતી. કૅમ્પ દરમ્યાન જે દર્દીઓને વધારે સારવારની જરૂર હતી તેમને શ્રી કૃષ્ણ હૉસ્પિટલના ફિઝીયોથેરાપી વિભાગમાં આવવા જણાવ્યું હતું તથા તેમાંના અમુક દર્દીઓને પેટલાદ અને ભાદરણ વિસ્તરણ કેન્દ્રના ફિઝીયોથેરાપી વિભાગમાં સારવાર લેવા માટે જણાવવામાં આવ્યું હતું.

### ★ વિસ્તરણ કાર્યક્રમ હેઠળ આવતા ગામોમાં બિનચેપી રોગોનું પ્રમાણ જાણવા સર્વેક્ષણ હાથ ધરાયું

વિસ્તરણ કાર્યક્રમ વિભાગના દત્તક લીધેલા ૨૬ ગામડામાં બીન ચેપી રોગોનું પ્રમાણ જાણવા માટે વસ્તીનું કૌટુંબિક સર્વેક્ષણ (સર્વે) સપ્ટેમ્બર ૨૦૧૨ થી ઑક્ટોબર ૨૦૧૩ દરમિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ સર્વેક્ષણ દ્વારા ગામડાની વર્ગીકૃત વિગતો, બીન ચેપી રોગોની સામુહિક સ્તરે સ્થિતી, વ્યસનો વિષેની સામૂહિક સ્તરે સ્થિતિ તથા ગામની અન્ય મહત્ત્વની માહિતી પ્રાપ્ત થઈ હતી.




સપ્ટેમ્બર ૨૦૧૨માં સર્વે શરૂ કરતા પહેલા દરેક ગામના વિલેજ હેલ્થ વર્કરને સર્વે કરવા માટે તાલીમ આપવામાં આવી હતી. તાલીમ મેળવ્યા બાદ વિલેજ હેલ્થ વર્કરે દરેક ગામમાં જઈને સર્વે હાથ ધર્યો હતો. સર્વે

કર્યા બાદ ફિલ્ડ સુપરવાઈઝર તથા વિસ્તરણ વિભાગના કર્મચારીઓએ સર્વેની પુનઃ ચકાસણી કરી સર્વેને ઑક્ટોબર ૨૦૧૩માં પૂર્ણ કર્યો.

આ સર્વે પૂરો થયા બાદ તેની કૉમ્પ્યુટરમાં ડેટા એન્ટ્રી કરવા નવા પાંચ કર્મચારીઓની નિમણૂંક કરી ૧૫ ઑક્ટોબર, ૨૦૧૩થી તેની ડેટા ઍન્ટ્રીની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી જેથી કરીને જરૂરી માહિતી મળી શકે અને તેનું વિશ્લેષણ થઈ શકે. આ વિશ્લેષણથી નીકળતા તારણો અમને આગળ પગલા લેવાનું આયોજન કરવામાં મદદરૂપ થશે.

જેમ જેમ આપણા દેશે પ્રગતિ કરી છે તેમ તેમ આપણે ત્યાં ડાયાબિટિસ, બ્લડ પ્રેશર (હાઈ બીપી), હૃદયની બીમારીઓ, કૅન્સર અને માનસિક રોગો વિગેરે જેવા બિનચેપી રોગોનું પ્રમાણ વધી રહ્યું છે. આ રોગોનું પ્રમાણ વધવાના ઘણા બધા કારણો છે જેમ કે, આપણા સમાજમાં વધતા જતા તાણનું પ્રમાણ, શારિરીક પ્રવૃત્તિનો અભાવ અને ચરબીથી ભરપૂર પદાર્થો (જંકફૂડ)નું વધતુ પ્રમાણ છે. આ બધા રોગોનું પ્રમાણ ઘટાડવા માટે સામૂહિક ધોરણે ઘણા બધા પગલાઓ લેવાની જરૂર છે. સરકાર દ્વારા આ રોગોનું નિવારણ લાવવા માટે થોડા પગલાંઓ લેવામાં આવી રહ્યા છે પણ તે ખૂબ જ શરૂઆતના તબક્કામાં અને ખૂબ જ નાના પાયાના છે. આ રોગો પ્રત્યે પૂરતું ધ્યાન ન આપવાનું મુખ્ય કારણ રોગોને લગતી આંકડાકીય માહિતીનો અભાવ છે. આ બીમારીઓ વિશેની આંકડાકીય માહિતી ઉપલબ્ધ થાય તો સરકારી તથા બિન સરકારી સંસ્થાઓને બીમારીઓનું પ્રમાણ ઘટાડવા માટેના પ્રયાસો કરવામાં ખૂબ જ ઉપયોગી પૂરવાર થઈ શકે તેમ છે.

આ બાબતોને ધ્યાનમાં રાખીને વિસ્તરણ વિભાગ દ્વારા ૨૯ ગામડાઓમાં એક સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું.

વિલેજ હેલ્થ વર્કર જેઓએ આ સર્વે પૂરી ક્ષમતાથી કર્યો છે એ બધાનો શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદ દ્વારા આભાર માનવામાં આવે છે અને ખરેખર આ સર્વેક્ષણ ભવિષ્યમાં વિસ્તરણ કાર્યક્રમ વિભાગને આરોગ્યને લગતા પગલા લેવામાં ઉપયોગી નીવડશે. આ સર્વે દ્વારા પ્રાપ્ત થયેલ તારણોની માહિતી ગામોના આગેવાનોને પણ સુપ્રત કરવામાં આવશે.

## ★ શ્રી કૃષ્ણ હૉસ્પિટલના પબ્લિક હેલ્થ ઈનીશીયેટીવ ગ્રુપ દ્વારા રાજ્યકક્ષાના માસ્ટર ટ્રેનરોને શિશુપોષણની તાલીમ અપાઈ

શ્રી કૃષ્ણ હૉસ્પિટલના પબ્લિક હેલ્થ ઈનીશીયેટીવ ગ્રુપના વડા ડૉ. નિખીલ ખારોડના નેતૃત્ત્વ હેઠળ "સ્તનપાન અને શિશુપોષણના પરામર્શના કૌશલ્ય" અંગે રાજ્યકક્ષાની તાલીમ શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદ ખાતે બે તબક્કામાં ૧૭ સપ્ટેમ્બરથી ૧૯ સપ્ટેમ્બર ૨૦૧૩ અને ૩ ઑક્ટોબરથી ૫ ઑક્ટોબર, ૨૦૧૩ દરમિયાન યોજવામાં આવી હતી. આ તાલીમ યુનિસેફ, એન.આર.એચ.એમ., સંકલિત બાળ વિકાસ સેવા યોજના અને મહિલા બાળ વિકાસ વિભાગના સહયોગથી યોજવામાં આવી હતી જેમાં ગુજરાત રાજ્યના ૭૦ માસ્ટર ટ્રેનરોએ (પાયાના આરોગ્યના કાર્યકર્તાઓને તાલીમ પૂરી પાડનાર) ભાગ લીધો હતો.

આ તાલીમનો મુખ્ય હેતુ માસ્ટર ટ્રેનરોની તાલીમ થકી પાયાના આરોગ્યના કાર્યકરોમાં પરામર્શ કૌશલ્ય, પૌષ્ટિક આહાર અને બાળકની સારસંભાળ વિશેના જ્ઞાનમાં વધારો કરવાનો હતો. જેના થકી રાજ્યના તમામ ગામોમાં અને ખાસ કરીને માતાઓમાં બાળકની સારસંભાળ અને પૌષ્ટિક આહાર વિશેની જાગૃતતા આવે. વળી આ તાલીમ દ્વારા લોકોમાં પૌષ્ટિક આહાર વિષે જાગૃતતા ફેલાવવાથી ગુજરાત રાજ્યમાં કુપોષણના દરને નીચો લાવવામાં પણ મહત્ત્વનો ભાગ ભજવવામાં આવશે.

માસ્ટર ટ્રેનરોએ તાલીમ અંગે પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, "તાલીમ સ્થળ ખાતે પૂરતી વ્યવસ્થા ઉપલબ્ધ હતી અને તાલીમાર્થીઓએ તાલીમ આપવા માટે વિવિધ પદ્ધતિનો ઉપયોગ કર્યો હોવાથી તાલીમ ખૂબ જ રસપ્રદ પુરવાર થઈ હતી."

## ★ શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદ ખાતે લોહીની ઉણપ ધરાવતી મહિલાને પ્રસુતિ બાદની સારવાર અપાઈ

વલેટવા ગામના ભાથીજી મંદિર ફળિયામાં રહેતા ૨૫ વર્ષીય રેખાબેન પ્રવિણભાઈ સોલંકીને ૫ મે, ૨૦૧૩ના રોજ પ્રસુતિ માટે નડિયાદની એક હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા ત્યાં તેમના શરીરમાં લોહીનું પ્રમાણ ખૂબ જ ઓછું હોવાથી પ્રસુતિ કરાવવી વધુ જોખમી હતી જેથી હૉસ્પિટલના સત્તાવાળાઓએ કેસ લેવાની ના પાડી હતી. તેમ છતાં કેસ લેવડાવવો હોય તો ૧૫,૦૦૦ રૂા. તાત્કાલિક ભરવાનું જણાવીને કુલ ખર્ચ રૂા. ૪૦,૦૦૦ થશે તેમ જણાવ્યું હતું. પરિવારની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી રેખાબેનને ઘરે પાછા લાવવામાં આવ્યા હતા. ત્યારબાદ ઘરેથી ૧૦૮માં શ્રી કૃષ્ણ હૉસ્પિટલમાં લઈને આવતા હતા ત્યારે તેમને રસ્તામાં જ નોર્મલ પ્રસુતિ થઈ ગઈ હતી પરંતુ લોહીની માત્રા ખૂબ જ ઓછી હોવાથી રેખાબેનને ત્રણ દિવસ શ્રી કૃષ્ણ હૉસ્પિટલમાં રાખ્યા હતા અને ખૂબ જ ઓછા ખર્ચમાં તેમને અને બાળક બન્નેને પ્રસુતિ પછીની સારવાર આપવામાં આવી હતી. ત્રણ દિવસ બાદ રેખાબેન અને તેમના બાળકની સ્થિતિ સુધરતા સ્વસ્થ હાલતમાં રજા આપવામાં આવી હતી આ સારવાર બદલ રેખાબેન તથા તેમના સાસરીયાઓએ શ્રી કૃષ્ણ હૉસ્પિટલ તથા સ્ટાફના વ્યવહારથી ખૂબ જ સંતુષ્ઠ થયા હતા અને તેઓએ હૉસ્પિટલનો દિલથી આભાર માન્યો હતો. જ્યારે આપણા ગામના વિલેજ હેલ્થ વર્કર સેજલબેન સોલંકી અને ફીલ્ડ સુપરવાઈઝર ચેતનાબેન દવેએ રેખાબેનની પૂછપરછ અર્થે ઘરની મુલાકાત લીધી ત્યારે રેખાબેનના સાસરીયાઓએ જણાવ્યું હતું કે **"સગીબેન સેવા ના કરે એવી સેવા હૉસ્પિટલના મેડિકલના સ્ટાફે કરી છે."**

તેઓ શ્રી કૃષ્ણ હૉસ્પિટલને ભગવાન સ્વરૂપે માને છે કારણ કે તેમના દીકરાની વહુ ખૂબ જ ગંભીર પરિસ્થિતિમાંથી ખૂબ જ ઓછા ખર્ચમાં સ્વસ્થ થયા. આ તેમના માટે એક ચમત્કાર સમાન હતું.

## કેન્સરનો પરિચય

કેન્સરનું નામ સાંભળતા જ આપણા મગજમાં સૌપ્રથમ કેવો વિચાર આવે અથવા તો સૌ પ્રથમ આપ કેવી લાગણી અનુભવો? ભયની કે નિરાશાની? ઘણા લોકો એવું માનતા હોય છે કે "કેન્સર એટલે કેન્સલ" તેઓ એવું માને છે કે કેન્સરની બીમારી થવાથી વ્યક્તિનું મોત નિશ્ચિત થઈ જાય છે અને તે વધારે જીવી શકતી નથી. પણ મિત્રો આ માન્યતા મહદ્ અંશે ખોટી છે. કેન્સરનું નિદાન અને સારવાર પ્રક્રિયામાં ઘણી બધી વૈજ્ઞાનિક શોધ-ખોળ થઈ છે અને જો શરૂઆતના તબક્કામાં કેન્સરની બીમારીનું નિદાન થઈ જાય તો તેની સફળ સારવાર શક્ય છે અને તેને બિલકુલ મટાડી શકાય છે. આપણા સમાજમાં કેન્સર વિશે કેટલીક ગેર માન્યતાઓ પ્રવર્તે છે. તેનું નિરાકરણ લાવવા માટે અને લોકોને સાચું અને સચોટ જ્ઞાન આપવા માટે અમે આ અંકમાં કેન્સરની બીમારી વિશે પાયાની માહિતી આપી રહ્યા છીએ. આવનારા અંકોમાં આપણે ત્યાં જોવા મળતા મુખ્ય ત્રણ પ્રકારના કેન્સર જેમ કે, મોઢાનું કેન્સર, ગર્ભાશયના મુખનું કેન્સર અને સ્તન કેન્સર વિશે માહિતી આપીશું. તો ચાલો આપણે કેન્સર વિશે થોડી માહિતી મેળવી લઈએ.

### કેન્સર કેવા પ્રકારની બીમારી છે? તેમાં શું થાય છે?

કેન્સર એક એવી બીમારી છે જેમાં આપણા શરીરના કોઈ એક ભાગનો વિકાસ આપણા શરીરના નિયંત્રણની બહાર નીકળી જાય છે. કોઈ પણ કેન્સર થવાની પ્રક્રિયાને સમજતા પહેલા આપણે આપણા શરીરની રચનાને સમજી લઈએ. જેવી રીતે મકાન ઘણી બધી ઈંટોની વ્યવસ્થિત ગોઠવણીથી બનેલું હોય છે તેવી રીતે આપણું શરીર પણ ઘણા બધા કોષોની ગોઠવણીથી બનેલું હોય છે. આપણા શરીરમાં કરોડોની સંખ્યામાં કોષો આવેલા હોય છે અને તે એકદમ સૂક્ષ્મ પ્રકારના હોય છે. જે આપણને નરી આંખે દેખાતા નથી.

આપણું શરીર ઘણા બધા અંગોનું બનેલું છે જેમ કે હાથ, પગ, આંખો, કાન, નાક, મોઢું, આંતરડા, જઠર, લીવર વગેરે. આ દરેક અંગ ઘણા બધા કોષમંડળોનું એકત્રીકરણથી બનેલા હોય છે. જેમ કે સ્નાયુઓ, હાડકા, લોહી વગેરેના. દરેક કોષ અમુક નિર્ધારીત ઉંમરના થયા પછી વિનાશ પામે છે અને તેની જગ્યાએ નવા કોષ ઉત્પન્ન થાય છે. આમ કોષોની ઉત્પત્તિ અને વિનાશની પ્રક્રિયા સતત ચાલ્યા જ કરે છે અને આપણું શરીર તેને નિયંત્રણમાં રાખે છે.

જ્યારે આપણા શરીરના કોઈપણ ભાગમાં આ પ્રક્રિયા નિયંત્રણ બહાર જતી રહે છે ત્યારે તે ભાગના કોષોનો વિકાસ જરૂર કરતા વધારે પ્રમાણમાં સતત થયા કરે છે અને તે ભાગમાં કેન્સરની અસર થઈ છે એમ આપણે કહીએ છીએ. આ વધારે પડતા વિકાસને કારણે કેન્સર એક ગાંઠ જેવા સ્વરૂપ તરીકે દેખાય છે. અતિશય વિકાસ અને ઉત્પત્તિને કારણે તે ભાગની પોષણને લગતી જરૂરિયાત ખૂબ જ વધી જાય છે અને માણસનું વજન ઘટવા લાગે છે.

આ બીમારી એવી છે કે ધીરે ધીરે વધે છે અને માનવ શરીરને નુકશાન પહોંચાડે છે. દર્દીને જલ્દીથી આ બીમારીની ખબર પડતી નથી કારણ કે તેના લક્ષણો જલ્દીથી સામે આવતા નથી અથવા તો શરૂઆતના તબક્કામાં એટલા સામાન્ય હોય છે કે દર્દી તેને ગણકારતા નથી. જ્યારે દર્દી તે લક્ષણોને ગણકારવાની અવસ્થામાં પહોંચે છે ત્યારે ખૂબ જ મોડું થઈ ગયું હોય છે અને પછી કેન્સર દર્દીને ગણકારતું નથી.

### કેન્સરના લક્ષણો કયા કયા હોય છે?

કેન્સરના લક્ષણો અલગ અલગ પ્રકારનાં હોય છે. તેનો આધાર કેન્સર કયા ભાગમાં થાય છે અને કયા તબક્કામાં છે તેના ઉપર રહે છે. સામાન્ય રીતે ભૂખ ન લાગવી, શરીરનું વજન ઘટવું અને જલ્દી થાકી જવું એવા લક્ષણો લગભગ દરેક કેન્સરના દર્દીમાં જોવા મળે છે. તદ્દુપરાંત જે તે ભાગમાં કેન્સર હોય છે ત્યાં ગાંઠ અથવા ચાંદુ જોવા મળે છે. જ્યારે કેન્સર ફેલાય છે ત્યારે તે શરીરના અલગ અલગ ભાગને અસર કરે છે અને તે ભાગોમાં દર્દીને અત્યંત દુઃખાવો થાય છે અને શરીરના તે ભાગના કાર્ય ઉપર અસર થવાથી કેટલાક લક્ષણો જોવા મળે છે. શરીરના વિભિન્ન અંગોમાં થતાં કેન્સરના લક્ષણો નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવેલ છે.

| | |
|---|---|
| મોઢું | બોલવામાં તકલીફ, મોઢું ખોલવામાં તકલીફ, મોઢામાં ચાંદા પડવા, ખાવામાં તકલીફ વગેરે |
| ગળું | ગળાનો દુઃખાવો, ખોરાક ગળવામાં તકલીફ, અવાજ ઘોઘરો થવો, ખૂબ જ ઉધરસ આવવી, ગળફામાં લોહી પડવું વગેરે. |
| સ્તન | ગાંઠ થવી, સ્તનનો આકાર બદલાઈ જવો, ડીંટડીમાં રક્તસ્ત્રાવ થવો, વગેરે |
| ગર્ભાશયના મુખનું કેન્સર | યોનીમાંથી (માસીકની જગ્યાએથી) અસામાન્યપણે રક્તસ્ત્રાવ થવો અથવા દુર્ગંધ સાથે સ્ત્રાવ થવો. |
| આંતરડાનું કેન્સર | લાંબા સમયથી રહેતી કબજીયાત/અપચો |
| હાડકા | સખત દુઃખાવો, ફ્રેક્ચર થવાની શક્યતા ખૂબ જ વધી જવી. |
| લીવર (યકૃત) | કમળો, શરીરમાં સોજા આવવા |

| | |
|---|---|
| ફેફસાં | ખૂબ જ ઉધરસ આવવી, શ્વાસ ચડવો |
| મગજ | માથાનો દુઃખાવો થવો, શરીરના કોઈપણ ભાગમાં લકવાની અસર થવી, જોવામાં તકલીફ થવી, સાંભળવામાં તકલીફ વગેરે |

**કેન્સરનું નિદાન કેવી રીતે કરવામાં આવે છે?**

કેન્સરનું ચોક્કસ નિદાન કરવા માટે કેટલાક પરિક્ષણો કરવામાં આવે છે. મુખ્યત્વે એફ.એન.એ.સી. (FNAC) અને બાયોપ્સી કરવામાં આવે છે.

એફ.એન.એ.સી.ની તપાસ માટે શરીરના જે ભાગમાં અસર હોય ત્યાં સોય વડે પાણી ખેંચવામાં આવે છે અને તેની તપાસ માઈક્રોસ્કૉપ (Microscope) નામના યંત્ર દ્વારા કરવામાં આવે છે.

બાયૉપ્સીની તપાસ માટે કેન્સરવાળા ભાગમાંથી એક નાનકડો ટૂકડો કાઢીને તેનું માઈક્રોસ્કૉપ વડે અવલોકન કરવામાં આવે છે.

તદ્દુપરાંત સોનોગ્રાફી, એક્સ-રે, સી.ટી. સ્કેન અને એમ.આર. આઈ. જેવી તપાસ વડે કેન્સર શરીરમાં કેટલી હદે ફેલાયેલું છે તે જાણી શકાય છે. લોહીની પણ કેટલીક તપાસ કરવામાં આવે છે. જેનાથી માણસના શરીરની સ્થિતિ વિશે મહત્ત્વની માહિતી મળી રહે છે. કઈ તપાસ ક્યારે કરાવવી તે કેન્સરના નિષ્ણાત ડૉક્ટર નક્કી કરે છે.

**કેન્સરની સારવાર માટે શું શું વિકલ્પો ઉપલ્બધ છે?**

કેન્સરની સારવાર માટે મુખ્યત્વે ત્રણ વિકલ્પો ઉપલબ્ધ છેઃ રેડિયોથેરાપી (શેક વડે સારવાર), કિમોથેરાપી (દવાઓ વડે સારવાર) અને ઑનકોસર્જરી (ઑપરેશન દ્વારા સારવાર)

*રેડિયોથેરાપી (શેક વડે સારવાર):* આ સારવાર પ્રક્રિયામાં શરીરના જે ભાગમાં કેન્સર હોય તે ભાગમાં કિરણોત્સર્ગનો (રેડિયેશન)નો ડોઝ આપવામાં આવે છે. આ કિરણો દ્વારા કેન્સરવાળા કોષોનો નાશ થાય છે અને તેમનો વિકાસ અટકી જાય છે. આ સારવાર લેવાથી કેન્સર થયેલ ભાગની આસપાસના સામાન્ય ભાગમાં પણ નુકશાન થાય છે અને કેટલીક આડઅસરો જોવા મળે છે. આ સારવાર પદ્ધતિમાં કેટલાક સંશોધનો થયા છે અને નવી સારવાર પદ્ધતિઓ વિકસાવવમાં આવી છે જેનાથી આડઅસરોનું પ્રમાણ ઘણું જ ઓછું જોવા મળે છે. આ સારવાર ખૂબ જ મોંઘી હોય છે અને તે લેવા માટે દર્દીને લાખો રૂપિયા ખર્ચવા પડે છે. આ સારવાર અઠવાડિયામાં પાંચ દિવસ આપવામાં આવે છે અને દર્દીની જરૂર પ્રમાણેના સમયગાળા માટે જ આપવામાં આવે છે.

*કિમોથેરાપી (દવાઓ વડે સારવાર):* આ સારવાર પ્રક્રિયામાં કેન્સર મટાડવા માટે દવાઓ આપવામાં આવે છે જે ગોળીના રૂપમાં અથવા ઈંજેક્શનના રૂપમાં હોય છે. તે દવાઓ કેન્સરની અસર પામેલા કોષોનો નાશ કરે છે. તેની સાથે સાથે શરીરના સામાન્ય કોષોનો નાશ થાય છે જેની કેટલીક આડઅસરો પણ થાય છે.

*ઑપરેશન (શસ્ત્રક્રિયા):* કેન્સરની બીમારી જ્યારે શરૂઆતના તબક્કામાં હોય છે ત્યારે ઑપરેશન વડે શરીરના બગાડને બહાર કાઢવામાં આવે છે. સાથે સાથે આસપાસના સામાન્ય ભાગને અને લસીકાગ્રંથિઓને પણ કાઢી લેવામાં આવે છે. લસીકાગ્રંથીથી બાયૉપ્સી દ્વારા કેન્સર કેટલા અંશે પ્રસર્યુ છે તેની જાણકારી મળે છે.

**કેન્સર થવાના કારણો કયા છે?**

કેન્સર થવાના ઘણા બધા કારણો છે. શરીરના અલગ અલગ ભાગમાં થતા કેન્સર માટે અલગ અલગ કારણો જવાબદાર છે. જે નીચેના કોષ્ટકમાં દર્શાવામાં આવ્યા છે. આ બધા કારણોમાં વ્યસન એક મુખ્ય કારણ છે. કેટલાક લોકો જે વ્યસન કરતા હોય છે તેમને જ્યારે વ્યસન છોડવા માટે કહેવામાં આવે ત્યારે તેઓ એવી દલીલ કરતા હોય છે કે "જે લોકો વ્યસન નથી કરતા તેમને પણ કેન્સર થાય છે તો પછી અમે આ વ્યસન કેમ છોડીએ?" આ દલીલનો જવાબ એ છે કે તમાકુનું અથવા દારૂનું વ્યસન કરવાથી આપણા શરીરના જે તે ભાગમાં કેન્સર થવાની શક્યતા ખૂબ જ વધી જાય છે. એવું નથી કે જેટલા લોકો આ વ્યસન કરતા હશે તે બધાને કેન્સર થશે પણ જેટલા લોકો વ્યસન કરતા હશે તેમાં કેન્સરનું પ્રમાણ જેટલા લોકો વ્યસન નહી કરતા હોય તેના કરતા ખૂબ જ વધી જાય છે.

| | |
|---|---|
| મોં અને ગળાનું કેન્સર | તમાકુ, ગુટખાનું સેવન |
| ફેફસાંનું કેન્સર | બીડી, સિગારેટનું સેવન |
| લીવરનું કેન્સર | દારૂનું સેવન, હિપેટાઈટીસ બીનો ચેપ |
| સ્ત્રીઓમાં સ્તન કેન્સર | પહેલું બાળક અથવા મોટી ઉંમરે આવવું (૩૫ વર્ષ પછી) અથવા બાળકને સ્તનપાન ન કરાવવું અથવા મોડું કરાવવું |
| ગર્ભાશયના મુખનું કેન્સર | યોની માર્ગની સ્વચ્છતા બરાબર ન જળવાવી, વારંવાર ચેપ લાગવો, નાની ઉંમરે માતા બનવું (૨૦ વર્ષે), વધારે બાળકો હોવા, બે બાળકો વચ્ચેનો અંતર ઓછો હોવો |

**– ડૉ. શ્યામસુંદર જે. રાયઠઠ્ઠા**
*શ્રી કૃષ્ણ હૉસ્પિટલ, કરમસદ*

## આરોગ્ય સંજીવની

### ગરમાળોઃ અનેક રોગોનો ઉપચાર

ગરમાળો એટલે સુંદર પાન અને પીળા ફૂલોથી સુંદર દેખાતું વૃક્ષ કે જેની શોભા ચૈત્ર-વિશાખમાં વધી જાય છે તેના સુંદર પીળા ફૂલોને કારણે તેને ફરી ફરીને જોવાનું મન થાય છે. ગરમાળાનું ઝાડ સર્વ ઝાડોમાં ઉત્તમ અને સુંદર હોવાથી તેનું 'રાજવૃક્ષ' નામ પડેલું છે. આ ઉપરાંત તેના ફૂલ સુવર્ણ જેવા પીળા રંગના હોવાથી તેને 'સુવર્ણવૃક્ષ પણ કહેવાય છે. આ ફૂલોનું શાક થાય છે તેમજ તેનો ગુલકંદ પણ બને છે.



ગરમાળાના ફળ સીંગો જેવા તથા આંગળી જેવા જાડા હોય છે તે ઝાડ પર હોય ત્યારે લીલા દેખાય છે અને ઝાડ પરથી પડે પછી રતાશ પડતા કાળા રંગના થઈ જાય છે. તેની અંદર કાળાશ પડતો ચીકણો ગર્ભ હોય છે. જેને "ગરમાળાનો ગોળ" કહેવાય છે. આ ગરમાળાનો ગોળ હલકો હોવાથી આંતરડાને નુકશાન નથી કરતું.

- ગરમાળાનો ગોળ અને આંબલીમાં ગર્ભને ભેગા કરીને ખાવાથી પિત્તનો વિકાર દૂર થાય છે.
- ગરમાળાનો ગોળ ગુલકંદ સાથે ખાવાથી ગુદામાં ગરમીને લીધે થતી બળતરામાં રાહત રહે છે.
- ફેફસામાં પિત્ત જામી ગયો હોય તો ગરમાળાના ગોળને દ્રાક્ષના રસ સાથે અથવા દૂધ સાથે મેળવીને આપવાથી પિત્ત પ્રકૃતિવાળા વ્યક્તિને રાહત રહે છે. તેજ મુજબ ગરમાળાના ગોળને ગરમ પાણીમાં લેવાથી કફ વિકાર દૂર થાય છે.
- ગરમાળાનો ગોળ શેરડીના રસ સાથે લેવાથી કમળો મટે છે.
- એક તોલો ગરમાળાના ગોળ સાથે અડધો તોલો હરડો અને એક તોલો બી કાઢેલી દ્રાક્ષ ભેગી કરીને સવાર-સાંજ લેવાથી હરસનો દુઃખાવો શાંત થાય છે અને કબજીયાત પણ મટી જાય છે.
- ગરમાળાના પંચાગનો ઉકાળો સ્નાન કરવામાં, હાથ-પગ ધોવામાં અને પીવામાં વાપરવાથી જૂનો-નવો સર્વે પ્રકારનો કોઢ રોગ દૂર થાય છે.
- ગરમાળાના ફૂલોનો કવાથ પીવાથી બહુમૂત્રતા દૂર થાય છે
- ગરમાળાનો ગોળ અને ગુલકંદ મેળવીને કવાથ કરીને પીવાથી માથાની ગરમી અને નસકોરી ફૂટતી હોય તે બંધ થાય છે અને મૂત્રદાહ પણ દૂર થાય છે.
- ગરમાળાના પાન છાશમાં વાટને શરીરે ચોળી પછી સ્નાન કરવાથી ચામડી પર ખસ થયેલી મટે છે.
- ગરમાળાના પાન વાટી તેમાં કાજી મેળવી તેનો લેપ કરવાથી દાદર, કોઢ, ખસ, લૂખી ખસ અને ખરજવા મટે છે.
- નાના જન્મેલ બાળકને પંદર દિવસ પછી જે શરીર પર ફોલ્લીઓ થાય છે તે ગરમાળાના પાન ગાયના દૂધમાં વાટીને ચોળવાથી મટે છે.
- કંઠમાળમાં ગરમાળાના મૂળ ચોખાનો ધોવરામણમાં વાટીને લેપ કરવાથી ફાયદો થાય છે.
- ભિલામો થયો હોય તો તેના પર ગરમાળાના પાનનો રસ ચોપડવાથી ફાયદો થાય છે.

### વિસ્તરણ કાર્યક્રમના સેન્ટરો દ્વારા કરમસદમાં દાખલ થયેલ દર્દીની માહિતી જુલાઈ-સપ્ટેમ્બર - ૨૦૧૩

| વિગત | સગર્ભા બહેનો | ગાયનેક | કેન્સર | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|
| બહાર (ઓ.પી.ડી.) ના દર્દીઓ | ૪ | ૩ | ૩ | ૨૩ | ૩૩ |
| દાખલ થયેલ દર્દીઓ | ૪ | – | ૧ | ૧૩ | ૧૮ |
| કુલ | ૮ | ૩ | ૪ | ૩૬ | ૫૧ |

## વિસ્તરણ કેન્દ્રો ખાતે જુલાઈ ૨૦૧૩ થી સપ્ટેમ્બર ૨૦૧૩ માસ દરમિયાન સારવાર લીધેલ બહારના દર્દીઓની વિગતઃ

| વિભાગ | સેવાલિયા | | | |
|---|---|---|---|---|
| | જુલાઈ | ઑગસ્ટ | સપ્ટેમ્બર | કુલ |
| મેડિસિન | ૩૬૬ | ૪૮૬ | ૫૮૬ | ૧૪૩૮ |
| ડેન્ટલ | ૯૩ | ૬૪ | ૬૫ | ૨૨૨ |
| ઑર્થોપેડિક | ૭૭ | ૭૭ | ૧૨૬ | ૨૮૦ |
| ગાયનેક | ૧૧૪ | ૪૦ | ૭૦ | ૨૨૪ |
| આંખ | ૩૦ | ૨૮ | ૪૪ | ૧૦૨ |
| ચામડી | ૩૬ | ૭૨ | ૬૪ | ૧૭૨ |
| કસરત | ૧૫૭ | ૧૧૦ | ૧૪૬ | ૪૧૩ |
| ફિઝિશ્યન | ૧૩૬ | ૧૩૧ | ૧૪૮ | ૪૧૫ |
| કુલ | ૧૦૦૯ | ૧૦૦૮ | ૧૨૪૯ | ૩૨૬૬ |

| વિભાગ | ભાદરણ | | | |
|---|---|---|---|---|
| | જુલાઈ | ઑગસ્ટ | સપ્ટેમ્બર | કુલ |
| મેડિસિન | ૭૫૦ | ૬૦૪ | ૭૨૨ | ૨૦૭૬ |
| ડેન્ટલ | ૫૭ | ૭૩ | ૭૨ | ૨૦૨ |
| ગાયનેક | ૩૪ | ૨૨ | ૪૦ | ૯૬ |
| આંખ | ૫૩ | ૫૬ | ૬૧ | ૧૭૦ |
| ચામડી | ૧૧૮ | ૧૨૩ | ૧૦૮ | ૩૪૯ |
| કસરત | ૨૪ | ૨૯૧ | ૪૪૭ | ૭૬૨ |
| કુલ | ૧૦૩૬ | ૧૧૬૯ | ૧૪૫૦ | ૩૬૫૫ |

| વિભાગ | પેટલાદ | | | |
|---|---|---|---|---|
| | જુલાઈ | ઑગસ્ટ | સપ્ટેમ્બર | કુલ |
| મેડિસિન | ૩૭૧ | ૨૭૨ | ૩૮૫ | ૧૦૨૮ |
| ડેન્ટલ | ૪૭ | ૩૫ | ૫૦ | ૧૩૨ |
| ગાયનેક | ૧૪૨ | ૧૨૦ | ૧૩૪ | ૩૯૬ |
| ચામડી | ૧૫૯ | ૨૪૫ | ૨૩૯ | ૬૪૩ |
| કસરત | ૨૮૬ | ૨૨૩ | ૨૬૮ | ૭૭૭ |
| કુલ | ૧૦૦૫ | ૮૯૫ | ૧૦૭૬ | ૨૯૭૬ |

| વિભાગ | અગાસ | | | |
|---|---|---|---|---|
| | જુલાઈ | ઑગસ્ટ | સપ્ટેમ્બર | કુલ |
| મેડિસિન | ૧૫૨૫ | ૧૨૬૪ | ૧૩૫૩ | ૪૧૪૨ |
| ડેન્ટલ | ૩૯ | ૩૧ | ૩૬ | ૧૦૬ |
| કસરત | ૨૨૧ | ૨૦૫ | ૨૫૩ | ૬૭૯ |
| ફિઝિશ્યન | ૨૦ | ૩૧ | ૨૭ | ૭૮ |
| કુલ | ૧૮૦૫ | ૧૫૩૧ | ૧૬૬૯ | ૫૦૦૫ |

| વિભાગ | આણંદ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી, આણંદ | | | |
|---|---|---|---|---|
| | જુલાઈ | ઑગસ્ટ | સપ્ટેમ્બર | કુલ |
| મેડિસિન | ૮૫૦ | ૮૦૧ | ૯૫૧ | ૨૬૦૨ |
| ડેન્ટલ | ૧૨ | ૧૨ | ૮ | ૩૨ |
| ચામડી | ૧૨ | ૬ | ૧૧ | ૨૯ |
| કુલ | ૮૭૪ | ૮૧૯ | ૯૭૦ | ૨૬૬૩ |

| વિભાગ | કુલ દર્દીઓ |
|---|---|
| મેડિસિન | ૧૧૨૮૬ |
| ડેન્ટલ | ૬૯૪ |
| ઑર્થોપેડિક | ૨૮૦ |
| ગાયનેક | ૭૧૬ |
| આંખ | ૨૭૨ |
| ચામડી | ૧૧૯૩ |
| કસરત | ૨૬૩૧ |
| ફિઝિશ્યન | ૪૯૩ |
| કુલ | ૧૭૫૬૫ |

## વિસ્તરણ કાર્યક્રમ હેઠળ ૨૬ ગામના લાભાર્થી દર્દીઓ જુલાઈ-સપ્ટેમ્બર - ૨૦૧૩

| | |
|---|---|
| વિલેજ ક્લિનિકમાં લાભ લીધેલ દર્દીઓ | ૧૯૨૭ |
| "કૃપા"ના સભ્યો | ૬૯ |

## રાજ્યમાં પ્રથમવાર બાળકોના હૃદયના ઑપરેશન ફક્ત ૨.૫ (અઢી) સે.મી.નો ચીરો મૂકીને કરતું કરમસદની શ્રી કૃષ્ણ હૉસ્પિટલનું કાર્ડિયાક સેન્ટર

બાળકોના હૃદયની જન્મજાત તકલીફોની સારવાર માટે નામાંકિત થયેલ કરમસદની શ્રી કૃષ્ણ હૉસ્પિટલના ભાનુભાઈ અને મધુબેન પટેલ કાર્ડિયાક સેન્ટરે તાજેતરમાંજ નવી સિદ્ધિ હાંસલ કરી. શ્રી કૃષ્ણ હૉસ્પિટલના કાર્ડીયાક સેન્ટરમાં હાલમાં જ કિમ(સુરત)ના ૨ વર્ષના દ્રોણપાલ રાઠોડ અને જામનગરની ૧૩ વર્ષની લીના પરમાર પર મીની સ્ટર્નોટૉમી નામની તકનીક દ્વારા તેમના હૃદયનું ઑપરેશન ફક્ત ૨.૫ (અઢી) સે.મી.નો નાનો ચીરો મૂકીને સેન્ટરના ડૉ. પેરીઆસામી દ્વારા કરવામાં આવ્યું અને અત્યંત નોંધપાત્ર બાબત એ છે કે આ સિદ્ધિ જ્યારે નોંધાઈ રહી છે ત્યારે એ બન્ને બાળકો ઑપરેશન બાદ પોતપાતના ઘરે એક નોર્મલ જીવનનો શુભારંભ કરી ચૂક્યા છે. સામાન્ય રીતે હૃદયની જટિલ સમસ્યાઓના નિવારણ માટે હાથ ધરવામાં આવતી ઓપન હાર્ટ સર્જરી મોટાભાગે સ્થાપિત અને સ્વીકૃતિ પામેલ તકનીક છે જેમાં બાળદર્દીની છાતી પર લગભગ ૧૦ સે.મી.નો ઊભો ચીરો મૂકીને શસ્ત્રક્રિયા કરવાની રહે છે.

વિગતે જાણીએ તો બાળકોના હૃદયની અમુક જટિલ સમસ્યાઓ જેમકે VSD (વેન્ટ્રીક્યુલર સેપ્ટલ ડિફેક્ટ), ASD (એટ્રીયલ સેપ્ટલ ડિફેક્ટ), AVR (એઓર્ટિક વાલ્વ રીપ્લેસમેન્ટ) માટે મીનીસ્ટર્નોટૉમી નામની તકનીકનો ઉપયોગ કરી શકાય છે જેમાં દર્દીના શરીર પર ઑપરેશન માટે કરવામાં આવેલ ચીરો ઓપન હાર્ટ સર્જરીની સરખામણીમાં પ્રમાણમાં ઘણો જ નાનો હોય છે. તકનીકી દૃષ્ટિએ કુશાગ્રતા અને બહોળા અનુભવ પર સફળતાનો વાયદો કરતી આ પદ્ધતિના ઘણા જ ફાયદા છે, જેમ કે દર્દીના શરીર પર ઑપરેશનનું નિશાન ખૂબ નાનું હોય છે જેથી તેના બાહ્ય દેખાવ પર કોઈ દુષ્પ્રભાવ નથી રહેતો એટલે કે જો આ દર્દીએ ગોળ ગળાની જર્સી કે ટૉપ પહેર્યું હોય તો ઑપરેશનનું નિશાન દેખાય નહિ. આપણે ત્યાં હજુયે પણ હૃદયની તકલીફ ધરાવતી બાળકીના ઑપરેશન માટે જ્યારે તેના માતા-પિતા ચિંતિત રહેતા હોય ત્યારે આ પદ્ધતિ આવી બાળકીઓ માટે આશીર્વાદસમી છે. તે સિવાય Ministernotomy કરાયેલ દર્દીઓને ઑપરેશન બાદ આઈ.સી.યુ.માં દાખલ રહેવાનો ગાળો ઘણો ઓછો થઈ જાય છે. સ્વાભાવિક છે કે જ્યારે ઘાવ નાનો હોય તો તેને રૂઝાતા સમય ઓછો જ લાગે અને તેથી છેવટે દર્દીના હૉસ્પિટલમાં દાખલ રહેવાના દિવસો પણ ઓછા થઈ જાય છે. તકનીકી કૌશલ્ય પર આધારિત આ પદ્ધતિથી થતા ઑપરેશનમાં દર્દીને સામાન્ય રીતે થતા વુન્ડ ઈન્ફેક્શન (ઘા પર થતો ચેપ) પણ પ્રમાણમાં ઓછો રહે છે જેથી તેનો ઑપરેશન બાદ વહેલા સાજા થવાની શક્યતાઓ વધી જાય છે. અંતે સૌથી નોંધપાત્ર બાબત એ છે કે આ પદ્ધતિથી કરવામાં આવતા હૃદયના ઑપરેશન માટે શ્રી કૃષ્ણ હૉસ્પિટલના કાર્ડિયાક સેન્ટરમાં કોઈ વધારાનો ખર્ચ નથી થતો.

બાળકોની જન્મજાત હૃદયની તકલીફોની સારવાર યોગ્ય સમયે કરાવવાથી તેઓ એક સ્વસ્થ અને સામાન્ય જીવનની શરૂઆત કરી શકે છે. શ્રી કૃષ્ણ હૉસ્પિટલના કાર્ડિયાક સેન્ટરના બાળકોના હૃદયના ઑપરેશન Ministernotomy પદ્ધતિથી કરવાની શરૂઆત કરી રાજ્યક્ષેત્રે પ્રથમ સીમાચિન્હ ઊભું કર્યું છે.

## પાંચ વર્ષથી શ્વાસ લેવા ગળામાં ટ્યૂબ પર નિર્ભર મહિલાની પીડાનો અંત કરમસદની શ્રી કૃષ્ણ હૉસ્પિટલના સર્જનોએ અત્યંત જટિલ ઑપરેશન કરી લાવ્યા

શ્રી કૃષ્ણ હૉસ્પિટલના કાન, નાક, ગળા વિભાગમાં એક ગૂંચવણ ભરેલો જટિલ કિસ્સો આવ્યો. ૨૩ વર્ષની એક મહિલા ગીતાબેન (નામ બદલ્યું છે) એક આકસ્મિક ઘટનાને કારણે શ્વાસ લેવા માટે છેલ્લા પાંચ વર્ષથી સતત ગળામાં નાખેલી ટ્યૂબ પર નિર્ભર હતા. શ્વાસ લેવા જેવી અનિવાર્ય મૂળભૂત ક્રિયામાં પીડાથી છૂટકારો મેળવવા માટે શ્રી કૃષ્ણ હૉસ્પિટલના કાન, નાક, ગળા તથા હૃદયરોગના સર્જન અને તેમની કુશળ ટીમે ગીતાબેનની શ્વાસનળીને અત્યંત જટિલ અને જોખમી ઑપરેશન કરી આ વ્યાધિથી છૂટકારો અપાવ્યો.

વિગતે જાણીએ, તો આશરે પાંચ વર્ષ પહેલાં આકસ્મિક રીતે ગીતાબેનના ગળામાં ઍસિડ જતું રહ્યું હતું જેના કારણે તેમને ગંભીર ઈજાઓ થઈ ગઈ. સઘન સારવારના અંતે તેમનો જીવ તો બચી ગયો પણ શ્વાસનળીમાં મૂકેલી ટ્યૂબ જે તેમને શ્વાસ લેવામાં મદદરૂપ થતી હતી તેને કાઢી શક્યા નહિ. એક વર્ષના અંતે તબીબોએ ફરીથી ગળા પરની આ ટ્યૂબને કાઢવાના પ્રયત્નો કર્યા પણ તે પ્રક્રિયાની નિષ્ફળતાના અંતે ગીતાબેનને આઈ.સી.યુ.માં રાખવા પડ્યા! આ અનુભવથી ડરી ગયેલ ગીતાબેને ફરીથી આ પ્રક્રિયા નહિ કરાવવાનું નક્કી કરી ગળા પરની ટ્યૂબને તેમનું નસીબ માનીને સ્વીકારી લીધી. આ દરમ્યાન ગીતાબેને છાપામાં આ પ્રકારના જ એક કિસ્સા વિશે વાંચ્યું જેનો ઉપચાર સફળતાપૂર્વક શ્રી કૃષ્ણ હૉસ્પિટલમાં ઑપરેશન કરીને થયો હતો. આ કિસ્સો વાંચી ગીતાબેનને હિંમત મળી અને તેઓ શ્રી કૃષ્ણ હૉસ્પિટલમાં આવ્યા અને હૉસ્પિટલના કાન-નાક, ગળા વિભાગના સર્જન ડૉ. સિદ્ધાર્થ શાહે તેમની તપાસ કરી. ગીતાબેનની શ્વાસનળીમાં છેલ્લા પાંચ વર્ષથી નાખેલી આ ટ્યૂબ આટલા લાંબા સમયથી તેમના ગળામાં હોવાના કારણે અને તેને કાઢવા માટે કરેલા નિષ્ફળ પ્રયાસોને કારણે ખૂબ જ ઈજાગ્રસ્ત થઈ ગઈ હતી અને અવયવનો જ ભાગ હોય એવી રીતે ચોંટી ગઈ હતી. આ ગૂંચવણભરી તકલીફને દૂર કરવા ગીતાબેન પર Resection and Anastomosis નામની સર્જરી કરવાનું નક્કી થયું. આ સર્જરીમાં ગળાથી માંડીને છાતીના ઉપરના ભાગ સુધી ચીરો મૂકી શ્વાસનળીનો ઈજાગ્રસ્ત અને બગાડવાળો ભાગ વચ્ચેથી કાપીને ગળાના ભાગથી નળીને નીચેની બાજુ ખેંચી અને છાતીના ભાગમાં આવેલ બીજા છેડાને ઉપરની બાજુ ખેંચીને જોડી દેવામાં આવ્યા. હૉસ્પિટલના કાન, નાક ગળાના સર્જન ડૉ. સિદ્ધાર્થ શાહ અને કાર્ડિયાક સર્જન ડૉ. મનિષ તિવારીએ સાથે મળીને આ ઑપરેશન કર્યું જેમાં તેમના ગળાથી લઈને છાતીના ભાગમાં એક નાનો ચીરો મૂકીને ઈજાગ્રસ્ત શ્વાસનળીનો લગભગ ૩ સે.મી. જેટલો ભાગ કાઢી નાખીને નળીના બે છેડાને ખેંચીને જોડવામાં આવ્યા. ગીતાબેનનું ઑપરેશન આવી અનેક ગૂંચવણો છતાં સફળતાપૂર્વક પાર પડ્યું અને તેઓ એક અઠવાડિયામાં જ ગળાની ટ્યૂબ કાઢીને હૉસ્પિટલમાંથી રજા લઈને ઘરે જઈ શક્યા. તબીબી સારવાર માટેની અદ્યતન સુવિધાઓ અને દરેક વિષયના નિષ્ણાત તબીબોની કૌશલ્યસભર ટીમ દ્વારા એક મહિલાએ પાંચ વર્ષના અંતે ફરીથી જીવનની સ્વસ્થ શરૂઆત કરી.

# શ્રી કૃષ્ણ હોસ્પિટલ, કરમસદ, ઓ.પી.ડી. સમયપત્રક
## સુપર સ્પેશ્યાલિટી ક્લિનિક

શ્રી કૃષ્ણ હૉસ્પિટલ

| ન્યુરોલૉજી | |
|---|---|
| **ડૉ. સોહમ દેસાઈ** | |
| ન્યુરોલૉજી ક્લિનિક | સોમ, બુધ, શુક્ર |
| ખેંચ માટેની ક્લિનિક | મહિનાના ૧ લા અને ૩જા મંગળવારે |
| માથાના રોગો તથા માઈગ્રેઈન માટે ક્લિનિક | મહિનાના ૨જા અને ૪થા મંગળવારે |
| કંપવાના રોગો માટે ક્લિનિક | મહિનાના ૧લા અને ૩જા ગુરુવારે |
| લકવાના રોગો માટે ક્લિનિક | મહિનાના ૨જા અને ૪થા ગુરુવારે |
| ન્યુરો ઍન્ડ સ્પાઈન સર્જરી | |
| **ડૉ. શીબાશિશ ભટ્ટાચાર્જી** | મંગળ, ગુરુ, શુક્ર |
| **ડૉ. પરેશ મોદી** | ગુરુ |
| કાર્ડિયાક સર્જરી | |
| **ડૉ. મનિષ તિવારી** | સોમ થી શનિ |
| ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલૉજી | |
| **ડૉ. સુનિલ થાનવી** | સોમ, બુધ, શુક્ર |
| **ડૉ. સુનિલ કર્ણ** | સોમ થી શનિ |
| **ડૉ. કે.કે. ત્રિવેદી** | શનિ |
| પિડિયાટ્રીક કાર્ડિયોલૉજી | |
| **ડૉ. વિશાલ ચાંગેલા** | મંગળ, ગુરુ |
| **ડૉ. દિવ્યેશ સાદળીવાળા** | સોમ થી શનિ |
| પલ્મોનોલૉજી | |
| **ડૉ. મનોજ યાદવ** | શુક્ર |
| વાસ્ક્યુલર સર્જરી | |
| **ડૉ. સુમિત કાપડિયા** | મંગળ |
| **ડૉ. વિજય ઠાકોર** | મહિનાના ૨જા અને ૪થા શુક્રવારે |
| રેડિયેશન ઑન્કોલૉજી | |
| **ડૉ. શંકર વંગીપૂરમ્** | સોમ થી શનિ |
| **ડૉ. ઋષિ પંચાલ** | સોમ થી શનિ |
| **ડૉ. ઈન્દ્રપ્રીત કૌર** | સોમ થી શનિ |
| મેડિકલ ઑન્કોલૉજી | |
| **ડૉ. સી. હરિથા** | સોમ થી શનિ |
| સર્જીકલ ઑન્કોલૉજી | |
| **ડૉ. રાજીવ ભટ્ટ** | બુધ |
| **ડૉ. ભાવના પરીખ** | સોમ |
| હેડ ઍન્ડ નૅક સર્જીકલ ઑન્કોલૉજી | |
| **ડૉ. ગિરિશ મિશ્રા** | સોમ, શુક્ર |
| **ડૉ. સિદ્ધાર્થ શાહ** | મંગળ, ગુરુ, શનિ |

| જોઈન્ટ રિપ્લેસમેન્ટ, આર્થ્રોસ્કૉપી ઍન્ડ સ્પાઈન સર્જરી | |
|---|---|
| **ડૉ. અમિત પટેલ** | ગુરુ |
| **ડૉ. મિહિર ધોળકિયા** | સોમ, શુક્ર |
| **ડૉ. સરનજીત સિંઘ** | સોમ, બુધ, શુક્ર |
| **ડૉ. વિવેક પટેલ** | મંગળ, ગુરુ, શનિ |
| **ડૉ. કાર્થિક વિશ્વનાથન** | સોમ, બુધ, શુક્ર |
| ડાયાબિટોલૉજી | |
| **ડૉ. જ્યોતિ મન્નારી** | બુધ |
| પિડિયાટ્રીક સર્જરી | |
| **ડૉ. જેયુલ કામદાર** | ગુરુ |
| યુરોલૉજી | |
| **ડૉ. અમિત ચઢ્ઢા** | સોમ, બુધ, શુક્ર |
| નૅફ્રોલૉજી | |
| **ડૉ. શિશિર ગંગ** | સોમ |
| **ડૉ. અનિલ ગંજુ** | ગુરુ |
| ગૅસ્ટ્રોઍન્ટ્રોલૉજી | |
| **ડૉ. ચિરાયુ ચોક્સી** | ગુરુ |
| લૅપ્રોસ્કૉપી ઍન્ડ ઍન્ડોસ્કૉપી | |
| **ડૉ. શિરિષ શ્રીવાસ્તવા** | સોમ, ગુરુ |
| **ડૉ. જીગ્નેશ રાઠોડ** | બુધ, શનિ |
| **ડૉ. અપૂર્વ પટેલ** | મંગળ, શુક્ર |
| લૅપ્રોસ્કૉપી ગાયનેક પ્રોસીજર | |
| **ડૉ. નીતન રાયઠઠ્ઠા** | બુધ |
| **ડૉ. મૈત્રી પટેલ** | મંગળ |
| પ્લાસ્ટિક સર્જરી | |
| **ડૉ. સમીર રાવલ** | મંગળ |
| પેઈન ક્લિનિક | |
| **ડૉ. અલ્પા પટેલ** | સોમ થી શનિ |
| નિયોનેટોલૉજી | |
| **ડૉ. એસ. નિમ્બાલકર** | મંગળ, ગુરુ, શનિ |
| **ડૉ. દિપેન પટેલ** | સોમ, બુધ, શુક્ર |
| ઍડવાન્સડ ડૅન્ટલ સર્જરી | |
| **ડૉ. સ્વાતિ સાઠયે**<br>ઓરલ ઍન્ડ મેક્ષીલો ફેશિયલ સર્જન | સોમ થી શનિ |
| **ડૉ. રોનક પંચાલ** ઓર્થોડોન્ટિસ્ટ | સોમ થી શુક્ર |
| **ડૉ. આલાપ પ્રજાપતિ** પ્રોસ્થોડોન્ટિસ્ટ | મંગળ, ગુરુ, શુક્ર |
| **ડૉ. આંચલ પ્રજાપતિ** પેરિઓડોન્ટિસ્ટ | સોમ, બુધ, ગુરુ, શનિ |

**સંપર્ક : ૦૨૬૯૨ - ૨૨૮૪૧૦**

# શ્રી કૃષ્ણ હોસ્પિટલ, કરમસદ, ઓ.પી.ડી. સમયપત્રક

સમયઃ સોમવારથી શુક્રવાર - સવારે ૯.૦૦ થી ૧.૩૦ અને બપોરે ૩.૦૦ થી ૫.૦૦ • શનિવારે ૯.૦૦ થી ૧.૩૦

| | |
|---|---|
| મેડિસિન | |
| **ડૉ. જ્યોતિ મન્નારી** | સોમ, ગુરુ |
| **ડૉ. અલ્પા લેઉઆ** | સોમ, ગુરુ, |
| **ડૉ. દેવાંગી દેસાઈ** | સોમ, ગુરુ |
| **ડૉ. મૌલિન શાહ** | સોમ, ગુરુ |
| **ડૉ. હિમાંશુ પંડ્યા** | મંગળ, શુક્ર |
| **ડૉ. અજય મિશ્રા** | મંગળ, શુક્ર |
| **ડૉ. નિખિલ દવે** | મંગળ, શુક્ર |
| **ડૉ. મિહિર પારેખ** | મંગળ, શુક્ર |
| **ડૉ. ભાલેન્દુ વૈષ્ણવ** | બુધ, શનિ |
| **ડૉ. સંકેત શેઠ** | બુધ, શનિ |
| **ડૉ. ચિરાગ દેસાઈ** | બુધ, શનિ |
| **ડૉ. રવીન્દ્ર હાદાક્ષી** | બુધ, શનિ |
| ચેસ્ટ મેડિસિન | |
| **ડૉ. સતીષ પટેલ** | સોમ |
| **ડૉ. રવિશ ક્ષત્રિય** | સોમ, બુધ, શુક્ર, શનિ |
| **ડૉ. ધર્મેન્દ્ર વાળા** | સોમ થી શનિ |
| **ડૉ. રાજીવ પાલીવાલ** | મંગળ, ગુરુ |
| **ડૉ. નિમીત ખારા** | મંગળ થી શનિ |
| ચામડી રોગ | |
| **ડૉ. રીટા વોરા** | સોમ, બુધ, શુક્ર |
| **ડૉ. પ્રજ્ઞા નાયર** | મંગળ, ગુરુ, શનિ |
| માનસિક રોગ | |
| **ડૉ. હિમાંશુ શર્મા** | સોમ, ગુરુ |
| **ડૉ. જગદીશ વણકર** | મંગળ, શુક્ર |
| **ડૉ. અનુષા પ્રભાકરન** | બુધ, શનિ |
| દાંત રોગ | |
| **ડૉ. સ્વાતિ સાઠયે** | સોમ થી શનિ |
| **ડૉ. ગ્રિના પટેલ** | સોમ, મંગળ, શુક્ર, શનિ |
| **ડૉ. સિન્ધુ ડોડામની** | સોમ, બુધ, ગુરુ,શુક્ર |
| **ડૉ. નિકિતા ગુપ્તા** | સોમ થી શુક્ર |
| **ડૉ. આલાપ પ્રજાપતિ** | સોમ, મંગળ, ગુરુ, શનિ |
| **ડૉ. અંચલ પ્રજાપતિ** | સોમ થી શનિ |
| **ડૉ. રોનક પંચાલ** | સોમ થી શુક્ર |
| સ્ત્રી રોગ | |
| **ડૉ. નીપા મોદી** | સોમ, બુધ, શુક્ર |
| **ડૉ. નીતિન રાયઠઠ્ઠા** | સોમ, બુધ, શુક્ર |
| **ડૉ. રાખી પટેલ** | સોમ, બુધ, શુક્ર |
| **ડૉ. નીલમ પટેલ** | સોમ, બુધ, શુક્ર |
| **ડૉ. સ્મૃતિ વૈષ્ણવ** | મંગળ, ગુરુ, શનિ |

| | |
|---|---|
| **ડૉ. ચેતના વ્યાસ** | મંગળ, ગુરુ, શનિ |
| **ડૉ. મૈત્રી પટેલ** | મંગળ, ગુરુ, શનિ |
| **ડૉ. હાર્દિક ડોડિયા** | મંગળ, ગુરુ, શનિ |
| **ડૉ. રૂમી ભટ્ટાચાર્યજી** | મંગળ, ગુરુ, શનિ |
| બાળ રોગ | |
| **ડૉ. નિખિલ ખારોડ** | સોમ, શુક્ર |
| **ડૉ. પ્રાચી બીજાપુરૈયા** | સોમ, બુધ |
| **ડૉ. સોમશેખર નિમ્બાલકર** | મંગળ, ગુરુ |
| **ડૉ. કૃતિકા ટંડન** | મંગળ, ગુરુ |
| **ડૉ. દિપેન પટેલ** | શુક્ર |
| **ડૉ. અંકુર સેઠી** | શનિ |
| સર્જરી | |
| **ડૉ. શિરીષ શ્રીવાસ્તવ** | સોમ, ગુરુ |
| **ડૉ. હિમાંશુ સોની** | સોમ |
| **ડૉ. જિતેશ દેસાઈ** | મંગળ, શુક્ર |
| **ડૉ. અપૂર્વ પટેલ** | મંગળ, શુક્ર |
| **ડૉ. રાહુલ ટંડન** | મંગળ, શુક્ર |
| **ડૉ. જીગ્નેશ રાઠોડ** | બુધ, શનિ |
| **ડૉ. મીતલ પટેલ** | બુધ, શનિ |
| હાડકાં રોગ | |
| **ડૉ. કાર્થિક વિશ્વનાથન** | સોમ, બુધ, શુક્ર |
| **ડૉ. હાર્દિક શેઠ** | સોમ, બુધ, શુક્ર |
| **ડૉ. વિવેક પટેલ** | મંગળ, ગુરુ, શનિ |
| **ડૉ. આનંદ પંચાલ** | મંગળ, ગુરુ, શનિ |
| **ડૉ. સરનજીત સિંગ** | બુધ, શુક્ર |
| **ડૉ. રમેશ પંચાલ** | બુધ, શુક્ર |
| આંખ રોગ | |
| **ડૉ. હર્ષા જાની** | સોમ, બુધ, શુક્ર |
| **ડૉ. ચૈતાલી પટેલ** | સોમ, બુધ, શુક્ર |
| **ડૉ. મનન ઝરીવાલા** | સોમ, બુધ, શનિ |
| **ડૉ. દેવેન્દ્ર સક્સેના** | મંગષ ગુરુ, શનિ |
| કાન, નાક, ગળુ | |
| **ડૉ. ગિરિશ મિશ્રા** | સોમ, શુક્ર |
| **ડૉ. સોહિલ વડિયા** | સોમ, બુધ, શુક્ર |
| **ડૉ. યોજના શર્મા** | મંગળ, ગુરુ, શનિ |
| **ડૉ. મમતા ચૌધરી** | મંગળ, ગુરુ, શનિ |
| **ડૉ. નિમેષ પટેલ** | મંગળ |
| **શ્રી સુનિલ ભટ્ટ (ઑડિયોલૉજીસ્ટ)** | મંગળ, શુક્ર |
| **શ્રી હેમંત પટેલ (ઑડિયોલૉજીસ્ટ)** | ગુરુ |